**<u>ક્રિમીનલ કેસ નં. 18399-2020</u>**

# **<u>:: હુકમ ::</u>**

રજુ પુરશીશ વંચાણે લીધી તથા કેસની ધ્યાને લીધી. આ કામે આરોપી/આરોપીઓની વિરૂધ્ધમાં વારંવાર પ્રોસેસ કાઢવા છતા તે પ્રોસેસ આરોપીઓ મળી ના આવતા હોવાના શેરા સાથે, પરત કરેલ છે. તથા આ કામના જામીનદારને નોટીસ કાઢતા તે જામીનદારને લગતી કામગીરી પુર્ણ કરવામાં આવેલ તેમ છતા, આરોપીની હાજરી સુનિશ્ચીત કરી શકાયેલ નથી.

આ કામના આરોપી વિરૂધ્ધ જે ગુનાના આક્ષેપ છે તે ધ્યાને લેતા, ગુનાહીત કૃત્ય સમાજને ગંભીર રીતે અસરકારક હોય કે આ કામના આરોપી વિરૂધ્ધનો કેસ, પાછો ખેંચવા અંગેનો કોઈ હેતુ વ્યકતીગત અથવા અન્ય કોઈ કારણસર સંકળાયેલ હોય તેવુ જણાતુ નથી. તેથી હાલના સમયે જયારે કોર્ટોમાં ચાલવાને પાત્ર કેસોનુ ભારણ છે ત્યારે, આવા નિષ્ક્રીય પડી રહેલા કેસોને પડતર રાખી આંકડાકીય વૃધ્ધિ દિવસો દિવસ કરતા જવું ન્યાયોચીત જણાતુ નથી તેથી આરોપી જયારે મળી આવે ત્યારે ફરીયાદ પક્ષ ફરીથી કેસ દાખલ કરી શકશે તે શરતે સીઆરપીસી કલમ–૩૨૧/બીએનએસએસ કલમ–૩૬૦ તળે, હાલના કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે તથા હાલના કેસની કાર્યવાહી આથી બંધ કરવામાં આવે છે.

આ હુકમ, આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૧૪/૧૨/૨૦૨૪

**૪૦માં એડિશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ શહેર**